પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૦/કવા–૦૩/૧૮–૧૯/ 2384 તા. 27-3-19.

રજી. એડી પત્ર

પ્રતિ,
યદુકુલ એજ્યુકેશન ટ્રસ્ટ જુનાગઢ,
ભગીરથભાઈ સામતભાઈ બારોટ
બેન્કર્સ કોલોની – આહિર કન્યા છાત્રાલય
મોતીબાગ રોડ, જુનાગઢ
પીનકોડ-362001
**મો:990 991 82 18**

**વિષય :–ટેમ્પરરી જોડાણમાં ઘસારો તેમજ સુપરવિઝન ચાર્જ કપાત બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૧–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૦૦/કવા–૦૩/૧૮–૧૯)**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

**(સી.જે.ગજેરા)**
**કા.વા. કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)** 6 D

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી – જુનાગઢ**
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, સેટેલાઈટ – પેટા વિભાગીય કચેરી જુનાગઢ**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૦/કવા–૦૩/૧૮–૧૯/** ૨૩૪૪-૨ **તા.** ૨૭-૩-૧૧.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૦૦/કવા–૦૩/૧૮–૧૯

અરજદાર: **યદુકુલ એજ્યુકેશન ટ્રસ્ટ જુનાગઢ** ગામ: જુનાગઢ

રજૂઆત કરનાર:અરજદાર **યદુકુલ એજ્યુકેશન ટ્રસ્ટ જુનાગઢ** વતી તેમના પ્રતિનીધી તરીકે દિલીપભાઈ દેવશીભાઈ ગલ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી – જુનાગઢ

રજૂઆત કરનાર: વી.એલ.ભીમાણી – નાયબ ઈજનેર (ટેક) – શહેર વિભાગીય કચેરી – જુનાગઢ

## :: ફોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, રાજકોટ.

**તારીખ:** ૧૯/૦૩/૨૦૧૯

૧.૦ **સદર કેસની સુનાવણી તા. ૧૯/૦૩/૨૦૧૯ ના રોજ નક્કી કરવામાં આવેલ - અને ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :૧૦૦/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ ૦૯ દિવસ માટે થ્રી ફેઇઝ ટેમ્પરરી વીજજોડાણ નિયમાધીન રીતે લીધેલ – જે મુદત પુરી થતા રદબાતલ કરાવી અને ભરેલ ડિપોઝીટ ની રકમ રીફંડ મળેલ – તેમા ઘસારો તેમજ સુપરવિઝન ચાર્જ કાપવામા આવેલ – જે અન્યાય કર્તા હોય – અરજદારે જીઈઆરસી ના નિયમાધીન રીતે ટોટલ કોસ્ટ ના ૧% ની રકમ પર જ કંપની સુપરવિઝન ચાર્જ લઈ શકે નહી કે ટોટલ કોસ્ટ ના ૧૫% સુપરવિઝન ચાર્જ લઈ શકે. આમ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી **યદુકુલ એજ્યુકેશન ટ્રસ્ટ જુનાગઢ** ના નામે થ્રી ફેઇઝ ટેમ્પરરી વીજજોડાણ તા.૦૯–૧૦–૧૮ થી અપાયેલ – જે

તા.૨૦-૧૦-૧૮ થી ડીસ કનેકટ કરેલ - જેની ડિપોઝીટ ની રકમ રીફંડ આપતી વખતે તેમાથી ભરપાઈ કરેલ ડિપોઝીટ માથી ઘસારો તેમજ સુપરવિઝન ચાર્જ નીચે મુજબ કપાયેલ છે.

| | |
|---|---|
| **(૧) કુલ મટીરીયલ ચાર્જ** | **- રૂ.૭૬,૦૨૫/૯૦** |
| (૨) મટીરીયલ પર ૧% ઘસારો | - રૂ.૭૬૦/૨૫ |
| **(૩) મટીરીયલ પર સુપરવિઝન ચાર્જ ૧૫%** | **- રૂ.૧૧,૪૦૩/૮૯** |
| (૪) કુલ લેબર ચાર્જ | -રૂ.૨૦૦૦/- |
| **(૫) લેબર ચાર્જ ઉપર સુપરવિઝન ચાર્જ ૧૫%** | **- રૂ.૩૦૦/-** |
| **(૬) કુલ કપાત સુપરવિઝન ચાર્જ ની રકમ - (૩) + (૫)** | **- રૂ.૧૧,૭૦૩/૮૯** |

**આમ, ગ્રાહક શ્રી ની ડિપોઝીટ માથી કુલ ઘસારો** - રૂ.૭૬૦/૨૫ અને **કુલ સુપરવિઝન ચાર્જ ની રકમ -રૂ.૧૧,૭૦૩/૮૯** સરકયુલર મુજબ જ ગણતરી કરેલ છે. જેની નકલ અરજદાર ને પણ આપેલ છે.

## :: હુકમ ::

**૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.**

૪.૧ **પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અન્વયે** ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. **યદુકુલ એજ્યુકેશન ટ્રસ્ટ જુનાગઢ** વતી - અધિકૃત પ્રતિનીધી દિલીપભાઈ દેવશીભાઈ ગલ હાજર રહેલ , તેમના દ્વારા સદર કેઈસ મા, ટેમ્પરરી જોડાણ ની ડિપોઝીટ ઉપર ફાઈનલ બીલ મા લેવાયેલ - સુપરવિઝન ચાર્જ અને ઘસારા ચાર્જ અંગે વાંધો રજુ કરાયેલ છે.

૪.૨ સદર કેઈસ નો અભ્યાસ કરતા પીજીવીસીએલ તરફથી રજુ કરાયેલ આધાર-પુરાવા મુજબ - જે તે સમયે **યદુકુલ એજ્યુકેશન ટ્રસ્ટ જુનાગઢ** દ્વારા નવરાત્રી સમયે ટેમ્પરરી જોડાણ મેળવવામા આવેલ. આ ટેમ્પરરી જોડાણ માટે એડવાન્સ ડિપોઝીટ તરીકે અરજદાર દ્વારા રૂ.૧,૦૦,૦૦૦/- (એક લાખ) ની ડિપોઝીટ તા.૦૪-૧૦-૧૮ થી ભરપાઈ કરાયેલ. સદર ટેમ્પરરી જોડાણ માટે થ્રી ફેઇઝ ટેમ્પરરી જોડાણ નિયમાધીન રીતે **અપાયેલ** છે.જેની મુદત પુરી થતા ટેમ્પરરી જોડાણ ને ડિસકનેકટ કરાયેલ. સદર કેઈસ મા, ટોટલ મટીરીયલ ચાર્જ - રૂ.૭૬,૦૨૫/૯૦ ની ગણતરી કરાયેલ છે. સદર રકમ નીચે દર્શાવ્યા મુજબ - ગણતરી કરીને ફાઈનલ બીલ ની રકમ અરજદાર પાસેથી વસુલ કરાયેલ.

| | |
|---|---|
| **(૧)** મટીરીયલ પર ૧% ઘસારો | - રૂ.૭૬૦/૨૫ |
| **(૨) મટીરીયલ પર સુપરવિઝન ચાર્જ ૧૫%** | **- રૂ.૧૧,૪૦૩/૮૯** |
| (૩) કુલ લેબર ચાર્જ | -રૂ.૨૦૦૦/- |
| **(૪) સર્વિસ કનેકશન ચાર્જ** | **-રૂ.૩૦૦/-** |
| **(૫) લેબર ચાર્જ ઉપર સુપરવિઝન ચાર્જ ૧૫%** | **- રૂ.૩૦૦/-** |

આમ, કુલ રકમ -રૂ.૧૪,૭૬૪/૧૫ + એનર્જીબીલ ના ચાર્જ રૂ.૫૧,૮૫૬/૫૦. આમ, કુલ રકમ રૂ.૬૬,૬૨૦/૬૫ થાય છે. જે કુલ રૂ.૧,૦૦,૦૦૦/- ડિપોઝીટ માથી ૬૬,૬૨૦/૬૫ બાદ કરતા બાકી રહેતી રકમ રૂ.૩૩,૩૭૯/૩૬ અરજદાર ને તા.૨૭-૧૧-૧૮ ના રોજ ઈનવોઈસ થી રીફંડ કરાયેલ છે.

૪.૪ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ- એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૫૬ મા કરાયેલ જોગવાઈ મુજબ '' After the period of temporary supply is over and supply has been disconnected, the licensee shall prepare the final bill on the basis of actual consumption. Deposit amount, after adjusting unpaid dues, and after deducting material (meter, transformer, isolator etc) charges at the rate of 1% every month and actual cost incurred for erection and dismantling charges, which shall not be more than 100% of the material cost, shall be refunded by the licensee. Refund of these securities shall be made within 60 days from the date of disconnection, failing which the licensee shall be liable to pay interest at a rate equivalent to the late payment surcharge as per the prevailing Tariff Order issued by the Commission. ''

નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૮/૨૦૦૫ ના મુદ્દા નં. ૬.૫ ના પેટા મુદ્દા નં. (૩) મા કરાયેલ જોગવાઈ મુજબ " the applicant agrees to bear the cost of supply and services as specified in the GERC (Licensee's Power to Recover Expenditure incurred in Providing Electric Supply and Other Miscellaneous Charges) Regulations, 2005 and amendments thereof. "

નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૯/૨૦૦૫ ના પ્રકરણ ૭ ના મુદ્દા નં. ૧૧ મા કરાયેલ જોગવાઈ મુજબ "Service lines for temporary supplies shall be laid by the Distribution Licensee wherever possible and the actual cost incurred in laying and removing such service lines after giving due credit for the materials received back; on the basis of the condition of the same and the labour employed plus 15 percent supervision charges on the cost of materials and labour employed shall be paid by the Consumer. No interest will be paid on deposits lodged against the cost of Service Line or bills for temporary"

૪.૫ સદર કેઈસ મા, પીજીવીસીએલ ના નિયમ મુજબ – ટોટલ કોસ્ટ પર સુપરવિઝન ચાર્જ ૧૫% તથા માસીક ૧% ઘસારો લેવાયેલ છે. જે જીઈઆરસી ના નિયમ ને સુસંગત છે. વધુમાં સદર બાબતે – પીજીવીસીએલ ની નિગમીત કચેરી – રાજકોટ ના પત્ર નં.– પીજીવીસીએલ / રજી. સેલ / ૧૦૪૬૧ તા.૧૭–૧૧–૧૬ મુજબ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ કાર્યવાહી નિયમાધીન હોય – જેથી, આવા સંજોગોમાં સુપરવિઝન ચાર્જ માં ફેરફાર કરવાની અરજદાર ની અરજી ને ગ્રાહય રાખી શકાય નહી. જેથી, અરજદાર ની અરજી રદબાતલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી. પારેખ) | (એન. ડી. ધામેલીયા) |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન | સભ્ય (ટેક) |
| ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ | ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ | ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯